




# સહકાર અને ગ્રામોદ્યોગ રાજયમંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ અમદાવાદ એરપોર્ટ ખાતે હજ્જયાત્રીઓને શુભેચ્છાઓ પાઠવી

કમલમ્ ન્યુઝ,

મુસ્લિમ સમુદાય માટે સૌથી મહત્વની ગણાતી હજ યાત્રાની શરૂઆત થઇ ગઇ છે ત્યારે સહકાર અને ગ્રામોદ્યોગ રાજયમંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ અમદાવાદ એરપોર્ટથી હજ યાત્રા માટે જઈ રહેલા હજ યાત્રીઓએ શુભેચ્છાઓ પાઠવી હતી. મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા અમદાવાદ એરપોર્ટ પર હજ યાત્રીઓને મળવા પહોંચ્યા ત્યારે તેમની સાથે ઓલ ઈન્ડિયા હજ સમિતિના ચેરમેન શ્રી અબ્દુલ્લાહ કુટ્ટી, ગુજરાત રાજ્ય હજ સમિતિના ચેરમેન શ્રી ઈકબાલ સૈયદ તેમજ ગુજરાત રાજ્ય હજ સમિતિ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.ગુજરાત રાજ્ય હજ સમિતિના સેક્રેટરી શ્રી આઈ.એમ.ધાંચીના જણાવ્યા અનુસાર ૪ જૂનથી પ્રારંભ થયેલી આ હજ યાત્રામાં અત્યાર સુધી ૧૦૦૦થી વધુ હજયાત્રીઓ અમદાવાદ એરપોર્ટથી રવાના થઈ ચૂક્યા છે. આ હજ યાત્રા માટે અંદાજિત ૧૦,૦૦૦થી વધુ હજ યાત્રીઓ અમદાવાદ એરપોર્ટથી આવનારા સમયમાં રવાના થવાના છે.રાજ્ય સરકાર દ્વારા હજ યાત્રીઓને કોઈ પણ અગવડતા ન પડે તે માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે એમ તેમણે વધુમાં કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ હજ યાત્રાને લઈને એરપોર્ટ પર વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહિ એન.જી.ઓ સાથે એરપોર્ટ ઓથોરિટી પણ વ્યવસ્થામાં જોડાઈ છે.

# તાપી જિલ્લામાં પોષણ પરામર્શની ગુણવત્તા વધારવા માટે માસ્ટર ટ્રેનર્સને ત્રી-દિવસીય તાલીમ આપવામાં આવી

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા



તાપી જિલ્લા આઈસીડીએસ વિભાગ તથા કેર ઈન્ડિયા અને ન્યુટ્રિશન ઈન્ટરનેશનલના નેજા હેઠળ જિલ્લા તાપીમાં પ્રથમ ૧૦૦૦ દિવસના અમલીકરણ સંશોધન પ્રોજેક્ટ હેઠળ માસ્ટર ટ્રેનરની ત્રી-દિવસીય તાલીમનું આયોજન જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહના અધ્યક્ષસ્થાને તથા કેર ઈન્ડિયાના તાલુકાના પ્રતિનિધિઓની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યું હતું. તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન જિલ્લા વિકાસ અધિકારી શ્રી વી.એન.શાહના અધ્યક્ષસ્થાને તથા આરોગ્ય અધિકારી ડો.પાઉલ વસાવા, I.C.D.S. પ્રોગ્રામ ઓફીસરશ્રી તન્વી પી પટેલ સહિત મહાનુભાવોની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યું હતું. દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પોષણ સંબંધિત સૂચકાંકોની વર્તમાન સ્થિતિ અને તાપી જિલ્લામાં પોષણ પરામર્શના મહત્વ પર પ્રકાશ ફેંક્યો હતો. તેમણે જણાવ્યું કે આરોગ્ય, I.C.D.S અને સહયોગી સંસ્થાઓના સતત પ્રયાસોથી સમયની સાથે સમુદાયના પોષક વર્તનમાં બદલાવ આવી રહ્યો છે, અને આ તાલીમ આશા, આંગણવાડી વર્કર, એ.એન.એમ. સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓ અને તેમના પરિવારોને પોષણ અને આરોગ્ય સંબંધિત પરામર્શ આપવા માટે તમામ કાર્યકરોની કુશળતામાં નોંધપાત્ર વિકાસ કરશે એમ આશા વ્યક્ત કરી હતી.

કેર ઈન્ડિયાના જિલ્લા કો ઓરડીનેટર ડૉ. રાજુ ટંડેલ આ પ્રસંગે જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાની તાલીમ બાદ નિઝર બ્લોકના તમામ તાલીમ પામેલ આશા, અને એ. એન.એમ. તથા આંગણવાડી કાર્યકરોને પસંદ કરેલા માસ્ટર ટ્રેનર્સ દ્વારા જૂથોમાં તાલીમ આપવામાં આવશે. જેથી કરીને લાભાર્થીઓને પોષણ સંબંધિત જરૂરી માહિતી ગુણવત્તાયુક્ત રીતે પહોંચાડી શકાય. આ તાલીમમાં ન્યુટ્રીશન ઈન્ટરનેશનલના ડો. રોહન અને કેર ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશનના સિનિયર પ્રોગ્રામ મેનેજર શ્રી વિપિન ગર્ગે પ્રોજેક્ટના મહત્વ વિશે મહત્વપૂર્ણ માહિતી શેર કરી હતી. આ પ્રસંગે આરોગ્ય અને આઈસીડીએસ વિભાગના જિલ્લા અને તાલુકા સ્તરના અધિકારીઓ-કર્મચારીઓ, કેર ઈન્ડિયાના તાલુકાના પ્રતિનિધિઓ દ્વારા માસ્ટર ટ્રેનરને આંતરવ્યક્તિત્વ પોષણ પરામર્શ વિષય પર ત્રણ દિવસીય તાલીમ દરમિયાન વિવિધ મુદ્દાઓ અંગે તાલીમ આપવામાં આવી હતી.

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આટકોટની પરવાડીયા હોસ્પિટલમાં હૃદય રોગ વિભાગ તથા બે નવા મોડ્યુલર ઓપરેશન થિયેટરનું લોકાર્પણ

## ગ્રામ પંચાયત સ્તરે અદ્યતન સુવિધાસભર હોસ્પિટલ ઉભી થઇ તે છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળો પહોંચાડવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિને આભારી છે :ભુપેન્દ્રભાઈ પટેલ

### આયુષ્માન કાર્ડ થકી રૂ. દસ લાખ સુધીની સારવાર ઉપલબ્ધ થતા જરૂરિયાતમંદ દર્દીઓ માટે શ્રેષ્ઠ સારવારના દ્વાર ખુલ્યા - સાંસદશ્રી સી.આર.પાટીલ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે આજ રોજ રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે શ્રી કે.ડી. પરવાડીયા હોસ્પિટલમાં હૃદય રોગ વિભાગ તથા બે નવા મોડ્યુલર ઓપરેશન થિયેટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે શ્રી કે.ડી.પરવાડીયા હોસ્પિટલના માધ્યમથી છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ તબીબી સેવાઓ પહોંચાડી શકાઈ છે. ગ્રામ પંચાયત સ્તરે અદ્યતન સુવિધાસભર હોસ્પિટલ ઉભી થઈ છે, તે છેવાડાના માનવી સુધી વિકાસનાં ફળો પહોંચાડવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિને આભારી છે. ગ્રામ્ય સ્તરે પાણી, રસ્તા, વિજળી સહિતની આંતરમાળખાકીય સુવિધા ઉપલબ્ધ હોય ત્યારે જ આવી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ આકાર લઈ શકે છે, જે ગુજરાતમાં છેવાડાનાં માનવી સુધી દરેક-દરેક સુવિધા અને વ્યવસ્થા પહોંચી છે, તેની સાબિતી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે આજે વિશ્વમાં કોઈ પણ મુશ્કેલી આવે ત્યારે તેના નિરાકરણ માટે વિશ્વ શ્રી નરેન્દ્રભાઇ મોદી તરફ જુએ છે. ઓસ્ટ્રેલિયા સહિતના અગ્રણી દેશો જ્યારે વડાપ્રધાનશ્રીના વૈશ્વિક નેતૃત્વ અને કાર્યશૈલીની પ્રસંશા કરે તે આપણા દેશ માટે ગૌરવની બાબત છે. વિશ્વભરમાં તેમની વિકાસની રાજનીતિનો આવકાર થયાની સાબિતી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન અને રોકાણકારોની પ્રથમ પસંદગી બન્યું છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ મેડિકલ ક્ષેત્રને સશક્ત કરવાના આયોજન અંતર્ગત મેડિકલ કોલેજમાં બેઠકોની સંખ્યા આજે ૧૨૦૦થી વધારીને ૮૦૦૦ જેટલી કરવામાં આવી છે અને હજુ પણ વધારવાનું આયોજન છે. દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજની સુવિધા ઉપલબ્ધ કરાવવાની દિશામાં ગુજરાત આગળ વધી રહ્યું છે. આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તો ભારત અમૃત કાળમાં પ્રવેશ્યું છે ત્યારે છેવાડાના માનવી સુધી દરેક સુવિધા વ્યવસ્થા પહોંચે અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું વડાપ્રધાનશ્રી નું સ્વપ્ન પૂર્ણ થાય તે માટે કટિબદ્ધ થવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો તેમજ દાતાઓના પૈસાનો શ્રેષ્ઠ ઉપયોગ કરી અંતરિયાળ વિસ્તારમાં અદ્યતન હોસ્પિટલનું નિર્માણ કરવા બદલ ડો. ભરત બોઘરાને બિરદાવ્યા હતા. આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી સી.આર.પાટીલે આટકોટની કે.ડી.પરવાડીયા હોસ્પિટલની કામગીરીને બિરદાવતા ડો. ભરતભાઈ બોઘરા અને તમામ ટ્રસ્ટીઓને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, અહીંની અદ્યતન હોસ્પિટલમાં તબીબોની શ્રેષ્ઠ ટીમ દ્વારા ઉત્કૃષ્ટ સારવાર સાથે એક વર્ષમાં ૫૮ હજાર થી વધુ ઓ.પી.ડી. અને ૪ હજારથી વધુ ઓપરેશન કરવામાં આવ્યા છે. શ્રી સી આર પાટિલે જણાવ્યું હતું કે, પહેલાંના સમયમાં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ સારવારના ખર્ચને પહોંચી વળવા સક્ષમ ના હોવાના કારણે તેઓની બીમારી છુપાવતા અને સારવારથી દૂર રહેતા હતાં. તેમની આ વ્યથા, ચિંતાને દૂર કરતા દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્માન કાર્ડ યોજના થકી ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને રૂ. પાંચ લાખની વિનામૂલ્ય સારવાર ઉપલબ્ધ કરાવી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા પાંચ લાખની સહાય ઉમેરી કુલ રૂપિયા દસ લાખ સુધીની તબીબી સારવાર હવે જરૂરિયાતમંદોને નિશુલ્ક ઉપલબ્ધ કરાવાઈ છે. તેઓએ આ તકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન તરીકેના ૯ વર્ષમાં કાર્યકાળમાં થયેલા લોકકલ્યાણના કામોનો ચિતાર રજુ કરી દેશને અપાવેલ ગર્વની સરાહના કરી હતી.આ તકે મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા શ્રી સી.આર.પાટીલે તમામ દાતાશ્રીઓનું સન્માન કર્યું હતું.



કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સાંસદશ્રી સી.આર. પાટીલ વિન્ટેજ કારમાં ઉપસ્થિતોનું અભિવાદન ઝીલતાં ઝીલતાં કાર્યક્રમ સ્થળે આવી પહોંચ્યા હતા.હોસ્પિટલના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ભરત બોઘરાએ સ્વાગત પ્રવચનમાં પરવાડીયા હોસ્પિટલની કાર્ય પદ્ધતિ અને ઉપલબ્ધ સુવિધાઓ અંગે ટૂંકી રૂપરેખા આપી હતી. આમંત્રિતોના હસ્તે દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ થયા બાદ મહાનુભાવોનું પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે હોસ્પિટલની કામગીરી રજૂ કરતી એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મનું પ્રસારણ પણ કરાયું હતું. આ તકે મંત્રીસર્વેશ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી કુંવરજીભાઈ બાવળીયા, શ્રી ભાનુબેન બાબરીયા, નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણા અને શ્રી કૌશિકભાઈ વેકરીયા, સંસદ સભ્યો તથા ધારાસભ્યો, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભુપતભાઈ બોદર, રાજકોટ મેયરશ્રી પ્રદીપ ડવ, રાજકોટ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખશ્રી ગોરધનભાઈ ધામેલીયા, ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખશ્રી નરેશ પટેલ, પૂર્વ રાજ્યપાલશ્રી વજુભાઈ વાળા, શ્રી અલ્પેશ ઢોલરીયા, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી લવજીભાઈ બાદશાહ, શ્રી મૌલેશ ઉકાણી સહિતના અગ્રણીશ્રીઓ, કલેક્ટરશ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરશ્રી ધીમંત વ્યાસ, ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોર, પ્રાંત અધિકારીશ્રી રાજેશ આલ, સંતો-મહંતો, હોસ્પિટલનો સમગ્ર સ્ટાફ તથા વિશાળ સંખ્યામાં નાગરિકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

# મનુષ્યના મગજમાં અચાનક જ અસામાન્ય કોશિકાઓનું વધવું એટલે બ્રેઈન ટ્યૂમર

## રેડીયેશનના સતત સંપર્ક તથા ધુમ્રપાનની આદતોથી બ્રેઇન ટ્યૂમર થવાની સંભાવના



કમલમ્ ન્યુઝ,ભુજ,

જૂન માસની ૮ તારીખને બ્રેઈન ટ્યૂમર દિવસના રૂપમાં મનાવવામાં આવે છે. આજના સમયમાં આરોગ્ય વિષયક સમસ્યા વધતી જઈ રહી છે ત્યારે વિશ્વ સહિત ભારતમાં પણ બ્રેઈન ટ્યૂમરના કેસોમાં ઉછાળો જોવા મળ્યો છે. વધુ પડતું તથા સતત રેડિશયનના સંપર્કમાં આવવાથી તથા ધુમ્રપાનની આદતો વગેરેના કારણે આ રોગનો ખતરો વધી ગયો છે. ત્યારે લોકોમાં જાગૃતિ આણવા માટે સૌ પ્રથમ વર્ષ ૨૦૦૦માં ૮ મેના વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસની ઉજવણી કરાઈ હતી. આ દિવસ અંતર્ગત વિશ્વભરમાં વિવિધ પ્રકારના જાગૃતિ કાર્યક્રમ કરીને લોકોને આ રોગ પ્રત્યે જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવે છે. સામાન્ય રીતે લોકોને માથામાં સતત દુ:ખાવો રહેતો હોય તો તેને સામાન્ય સમજી લે છે પરંતુ જો સતત દુ:ખાવો રહે તો તપાસ કરાવી લેતી હિતાવહ છે. કારણ કે, ટ્યૂમર હોવાથી કયારેક સ્થિત ઘાતક પર બની શકે છે.

**વિશ્વ બ્રેઇન ટ્યૂમર દિવસનો ઇતિહાસ –**

બ્રેઈન ટ્યૂમરનો ઈલાજ શોધવા, જાગૃતિ ફેલાવવા અને બીમારીની શોધને પ્રોત્સાહિત કરવા તેમજ ટ્યૂમરના દર્દીઓ અને પરિવારજનોમાં જાગૃતિ આણવા જર્મનીના જર્મન બ્રેઈન ટ્યૂમર એસોસિએશન દ્વારા સર્વપ્રથમ ૮ જૂનના રોજ જાગૃતિ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થાનો હેતું લોકોમાં બ્રેઈન ટ્યૂમર અંગે જાગૃતિ આવે અને લોકો શિક્ષિત થાય તે હતો.

**વિશ્વ બ્રેઇન ટ્યૂમર દિવસનો હેતુ -**

આ દિવસની ઉજવણીનો હેતું લોકોમાં જાગૃતિ લાવવાનો છે. બ્રેઈન ટ્યૂમરની સ્થિતિ આગળ જતાં મસ્તિષ્કના કેન્સરનું કારણ બની શકે છે. તેથી વધુમાં વધુ લોકો આ બીમારીના લક્ષણો, ઉપચાર તથા તથ્યોથી અવગત થાય અને તેનાથી બચી શકે તે છે.

**બ્રેઇન ટ્યૂમર શું છે ?**

મનુષ્યના મગજમાં અચાનક જ અસામાન્ય કોશિકાઓનું વધવું બ્રેઈન ટ્યૂમર કહેવાય છે. બ્રેઈન ટ્યૂમર અલગ અલગ પ્રકારના હોય છે. કોઈ બ્રેઈન ટ્યૂમર કેન્સર સાથે થાય છે, જે ખૂબ જ ખતરનાક હોય છે અને કોઈ સાધારણ કેન્સર વગરના હોય છે. યોગ્ય સમયે તેની જાણ થઈ જવી ખૂબ જરૂરી છે. કોઈ ટ્યૂમર ઝડપી ફેલાય છે તો કોઈ ખૂબ જ ધીમી ગતિથી ફેલાતા હોય છે. બ્રેઈન ટ્યૂમર મગજ અને સંપૂર્ણ સ્વાસ્થ્યને પ્રભાવિત કરી શકે છે. જો કે, એક તૃતિયાંશ ટ્યૂમર કેન્સરયુકત હોય છે. મગજમાં ડેવલપ થનરા ટ્યૂમરને પ્રાથમિક ટ્યૂમર કહેવાય છે જયારે શરીરના અલગ અલગ ભાગમાં ડેવલપ થયા બાદ મગજમાં ફેલાતા ટ્યૂમરને સેકન્ડરી અથવા મેટાસ્ટેટિક બ્રેઈન ટ્યૂમર કહેવાય છે.

**બ્રેઇન ટ્યૂમરના લક્ષણો, ઉપચાર અને તથ્ય –**

બ્રેઈન ટ્યૂમર ભલે કેન્સરયુકત હોય કે ના હોય પરંતુ તે ગંભીર સમસ્યા પેદા કરી શકે છે. એવું એટલા માટે થાય છે કે, મનુષ્યની સ્કાલ્પ કઠોર હોય છે જે ટ્યૂમરને ફેલાવવા માટે જગ્યા નથી આપતી. આ ઉપરાંત મગજ કે અન્ય શરીરના ભાગમાં ટ્યૂમર વિકસિત થાય તો આ પ્રકારના લક્ષણો જોવા મળી શકે છે. જો કે, ટ્યૂમરના લક્ષણ તેના સ્થાન, આકાર અને પ્રકાર પર પણ નિર્ભર કરે છે.

વારંવાર તીવ્ર માથાનો દુ:ખાવો, ઉબકા આવવા, ઉલટી થવી અને માંદગીના બિછાને પડવું, આંચકી આવવી, બોલવામાં તકલીફ પડવી, જોવામાં, સાંભળવામાં, સૂંઘવામાં અને સ્વાદ પારખવામાં મુશ્કેલી, વ્યક્તિત્વ અથવા વર્તન બદલાઈ જવું, લકવાની અસર, વારંવાર ભૂલી જવું- યાદશક્તિ પર અસર, સંકલનમાં મુશ્કેલી, સ્નાયુઓ નબળા પડી જવા, ચાલવામાં સંતુલન ના રહેવું વગેરે બ્રેઈન ટ્યૂમરના લક્ષણો છે. આમ, ટ્યૂમરની સાઈઝ, જગ્યા, સ્ટેજ અને ગ્રોથ રેટના આધારે લક્ષણો અલગ અલગ હોય છે. આ પ્રકારના લક્ષણો જોવા મળે તો ડૉક્ટરનો તુરંત સંપર્ક કરવો જોઈએ.

**શેના કારણે થઇ શકે બ્રેઇન ટ્યૂમર –**

આ અંગે કચ્છ જિલ્લા સિવિલ સર્જન શ્રી ડો. કશ્યપ બૂચ જણાવે કે, જે લોકો એક્સ-રે અને આયોનાઈજિંગ નામના રેડિયેશનના સતત સંપર્કમાં આવે તેને ટ્યૂમરની સંભાવના વધી જતી હોય છે. ફેમિલી હિસ્ટ્રી- જો પરિવારમાં ભૂતકાળમાં કોઈ સદસ્યને બ્રેઈન ટ્યૂમર થયું હોય તો પરિવારમાં તેની સંભાવના વધી જાય છે. જો કે, ૫ થી ૧૦ ટકા લોકોમાં જ બ્રેઈન ટ્યૂમરની ફેમિલી હિસ્ટ્રી હોય છે. ઉંમર વધવાન કારણે પણ તેનો ખતરો વધી જાય છે. જો કે, બ્રેઈન ટ્યૂમર કોઈપણ ઉંમરમાં થઈ શકે છે. કેટલાક પ્રકારના ટ્યૂમર તો નાના બાળકોમાં પણ થઈ શકે છે. જે બાળકો કેન્સરથી પીડીત હોય તેને આગળ જઈને બ્રેઈન ટ્યૂમર હોવાની સંભાવના વધી શકે છે. બ્લડ કેન્સર અને લ્યુકેમિયાથી પીડિત દર્દીને પણ બ્રેઈન ટ્યૂમર થવાની સંભાવના વધી જતી હોય છે. ઉપરાંત નોન વેજેટેરીયન લોકો કે જે કાચુ માંસ આરોગતા હોય તથા વેજેટેરીયન લોકો કે જેઓ રેલવે લાઈનની આસપાસ રહેલા મળ તથા અન્ય ગંદકીયુકત પાણીમાં ઉગતા શાકભાજી ગરમ પાણીમાં ધોયા વિના ઉપયોગ કરતા હોય તો તેઓમાં આ ટ્યૂમરની સંભાવના વધી જતી હોય છે. કારણ કે, કાચા માંસ તથા ગંદા પાણીમાં ઉગેલા શાકભાજીમાં કૃમિના ઈંડા હોય તો તે શરીરમાં ગયા બાદ બ્રેઈન ટ્યુમરનું કારણ બની શકે છે. સાથે જ અગાઉ થયેલી માથાની ઈજાના કારણે મગજમાં લોહી કલોટ થયું હોય અને તેની અવગણના કરી હોય તો તે પણ ગંભીર બની શકે છે. સાથે જ હાઈ બી.પીના કારણે થયેલું કલોટીંગ તેમજ બ્રેઈન ટી.બીના કારણે પણ બ્રેઈન ટ્યૂમર થઈ શકે છે. બ્રેઈન ટ્યૂમરને SOL (space occupying lesion ) પણ કહેવાય છે. જરૂરી નથી કે, તમામ બ્રેઈન ટ્યૂમર કેન્સરયુકત હોય, આમ છતાં મગજને લઈને ઉભી થનારી સમસ્યા પેદા થઈ શકે છે. શરૂઆતમાં સારવાર મળી જાય તો સંપૂર્ણ રીતે ઠીક થવાની સંભાવના વધી જતી હોય છે. તેમજ જલ્દી સારવારના કારણે ટ્યૂમર વધવાથી થતી જટિલતાઓને રોકી શકાય છે.

**બ્રેઇનને હેલ્ધી રાખવા શું ધ્યાન રાખવું –**

અખરોટ, ડાર્ક ચોકલેટ, મછલી, સાબુત અનાજ, ગ્રીન ટી, બીટ વગેરેનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરવો જોઈએ.

# જીસીએસ હોસ્પિટલમાં નેશનલ કેન્સર સર્વાઈવર દિવસની ઉજવણી



કમલમ્ ન્યુઝ,

જીસીએસ હોસ્પિટલમાં અનોખી રીતે નેશનલ કેન્સર સર્વાઈવર દિવસની ઉજવણી કરવામાં આવી. જીસીએસ હોસ્પિટલમાં દર વર્ષે ૧૦,૦૦૦થી વધુલોકો કેન્સરનીનિ:શુલ્ક ટ્રીટમેન્ટ લે છે. જેમાંથી જે દર્દીઓની કેન્સરની ટ્રીટમેન્ટથી તંદુરસ્ત થઈને ખુશીથી ઘરે પરત ગયા છે એમના માટે નેશનલ કેન્સર સર્વાઈવર દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર્દીઓનું ગુલાબથી સમ્માન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી ડોકટરો દ્વારા જન-જાગૃતિ માટે પ્રવચન આપવામાં આવ્યું, ડાયેટિશિયન દ્વારા ખાવા-પીવાની માહિતી આપવામાં આવી, ઉપરાંત દર્દીઓને સ્ટેજ પર બોલાવી સ્પેશ્યલ ગિફ્ટ આપીને સમ્માન કરવામાં આવ્યું. તેમજ દર્દીઓના એન્જોયમેન્ટ માટે ખાસ ગરબા નું આયોજન કર્યું હતું. બધા દર્દીઓ માટે ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બધા દર્દીઓને શુભેચ્છાઓ પાઠવીને કાર્યક્રમ નો અંત કર્યો હતો. ઉપરાંત જીસીએસ હોસ્પિટલ પાસે મેમોગ્રાફી બસની સુવિધા પણ છે. જેના માધ્યમથી જીસીએસ હોસ્પિટલ બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સર માટે જનજાગૃતિ અભિયાન ચલાવે છે, અને મહિલાઓમાં બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર માટે જાગૃતી આવે એના માટે પ્રયત્નો કરે છે. જીસીએસ હોસ્પિટલ એ NABH સ્વીકૃત ૭૫૦-બેડની હોસ્પિટલ છે. શ્રેષ્ઠ તબીબી કુશળતા, અલ્ટ્રા-મોડર્ન ઈન્ફ્રાસ્ટ્રકચર અને સુવિધાઓ તેમજ સમાજ સેવાના ઉદ્દેશ સાથે, જીસીએસ હોસ્પિટલ આજે સમાજના તમામ પ્રકારના લોકોને નજીવા દરે નિદાનથી લઈ સારવાર આપવા કાર્યરત છે.

